# કોંગ્રેસે મતદાર યાદીનો વિરોધ કરતાં કાર્યકરોની પોલીસે અટકાયત કરી

## સત્તાધારી પક્ષના ઈશારે મતદાર યાદીમાંથી નામો કમી કરવાનું મોટું કાવતરુઃ કોંગ્રેસ


તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૪

ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવીને રજૂઆત કરવામાં આવી હતી કે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ દરમિયાન છેલ્લી ઘડીએ હજારોની સંખ્યામાં ફોર્મ નંબર-૭ નામ કમી કરવા માટેના ફોર્મ ભરીને લોકશાહી પ્રક્રિયા સાથે છેડછાડ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે તેને લઈ કોંગ્રેસ કાર્યકરોએ રજુઆત કરતા કોંગ્રેસ કાર્યકરોની પોલીસે અટકાયત કરી નીલમબાગ પોલીસ મથકે લઈ જવામાં આવ્યા હતા.

કોંગ્રેસના જણાવ્યા અનુસાર ૧૯ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ પ્રસિદ્ધ થયેલી મુસદ્દા મતદાર યાદી બાદ વાંધા-સૂચનો માટે ૧૮ જાન્યુઆરી ૨૦૨૬ છેલ્લી તારીખ હતી જોકે, ૧૬થી ૧૮ જાન્યુઆરી દરમિયાન અચાનક સમગ્ર રાજ્યમાં હજારોની સંખ્યામાં ફોર્મ-૭ સબમિટ કરવામાં આવ્યા છે કોંગ્રેસનો આરોપ છે કે સત્તાધારી પક્ષ દ્વારા સુનિયોજિત રીતે ચોક્કસ જ્ઞાતિ, ધર્મ અને વિરોધ પક્ષ તરફી મતદારોના નામ કાઢી નાખવા માટે આ બલ્ક સબમિશન કરવામાં આવ્યું છે.કોંગ્રેસે ચૂંટણી પંચ પાસે મુખ્ય ત્રણ માંગણીઓ રજૂ કરી છે જેમાં તા.૧૬, ૧૭ અને ૧૮ જાન્યુઆરી દરમિયાન જે કચેરીઓમાં જથ્થાબંધ ફોર્મ સ્વીકારાયા છે તેના CCTV ફૂટેજ તપાસવામાં આવે, કાયદા વિરુદ્ધ જઈને બલ્ક ફોર્મ સ્વીકારનારા અધિકારીઓ સામે ફોજદારી પગલાં લેવામાં આવે, કોઈપણ મતદારને નોટિસ આપતા પહેલા, વાંધો ઉઠાવનાર વ્યક્તિ પાસેથી સજ્જડ પુરાવા (જેમ કે મૃત્યુનું પ્રમાણપત્ર કે રહેઠાણ ફેરફારનો પુરાવો) લેવામાં આવે. તેમજ પત્રમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે, જો ચૂંટણી પંચ દ્વારા આ બાબતે તટસ્થ તપાસ કરવામાં નહીં આવે અને ગેરકાયદેસર વાંધાઓ ફગાવવામાં નહીં આવે, તો ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રસ્તા પર ઉતરીને આંદોલન કરશે. સાથે જ, મતદારોના મતાધિકારની રક્ષા માટે નામદાર કોર્ટના દ્વાર ખટખટાવવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# હાઈરાઈઝ બિલ્ડીંગોમાં આગ રોકવા ૬૦ મીટર ઊંચાઈનું રેસ્ક્યુ વાહન ખરીદવા સૂચન

## રાજ્ય સરકારમાં વર્ષોથી દરખાસ્ત બાદ આખરે સ્થાનિક સ્તરેથી ખરીદીનો નિર્ણય

ભાવનગર,તા.૨૪

સ્ટેન્ડીંગ કમિટીની મીટીંગમાં મહાનગર પાલિકાના અંદાજપત્રની વિસ્તૃત ચર્ચા દરમિયાન ભાવનગર શહેરના લોકોની સુવિધામાં વધારો કરવા અંગે સ્ટેન્ડીંગ કમિટીના સભ્યો તથા પદાધિકારીઓ દ્વારા આગામી વર્ષમાં ભાવનગર શહેરીજનોની સુવિધામાં વધારો થાય તે માટેની વિવિધ કામગીરી, પ્રોજેકટની અમલવારી કરવા સૂચના આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા અત્યાધુનિક સાધન ખરીદીને ભાવનગર કોર્પોરેશનને આપવાની વાતો લાંબા સમયથી થઇ રહી છે આખરે હવે સ્થાનિક સ્તરેથી જ રેસ્ક્યુ વાહન ખરીદવા નિર્ણય લેવાયો છે.

ભાવનગર શહેરમાં આઠ-દસ માળથી વધુની બિલ્ડીંગો બનાવવા કોર્પોરેશન મંજૂરી આપી રહ્યું છે ત્યારે સલામતીને લક્ષમાં રાખી ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગ દ્વારા અંદાજે રૂપિયા ૧૫ કરોડની રકમનું ૬૦ મીટર ઉંચાઈનું રેસ્કયુ કામગીરી માટેનું હાઇડ્રોલીક ટર્ન ટેબલ લેડર વાહન વસાવવા, ફાયર વિભાગ ખાતે આધુનિક બોટ તથા તળાવમાં ઉંડે સુધી રેસ્કયુ - ઈમરજન્સી કામગીરી માટેના રોબોટીક કેમેરા સહિતના સાધનો ખરીદવા કાર્યવાહી કરવા કમિટી દ્વારા જણાવ્યું હતું.ઉપરાંત જરૂરિયાત મુજબ ટેન્ડરીંગથી આઉટસોસ'ગથી સ્ટાફ જે-તે એજન્સી પાસેથી લેવામાં આવે છે તે અંગે પોલિસી બનાવવામાં આવનાર છે.શહેરમાં હાલ ઘરવેરા, વ્યવસાયવેરા સહિતના બિલો ઓનલાઈન તથા વોટસએપના માધ્યમથી મોકલવામાં આવે છે તેમાં જે-તે કરદાતાઓનો વેરો બાકી હોય તેઓને પેન્ડીગ બિલ બાબતે માસિક રિમાઈન્ડર મોકલવાની સિસ્ટમ શરૂ કરવા કાર્યવાહી કરવામાં આવનાર છે. હાલમાં મહાનગરપાલિકા દ્વારા કોર્પોરેશનની હદમાં આવેલ સ્મશાનોને રૂા.૭૫ હજારની વાર્ષિક આર્થિક સહાય આપવામાં આવે છે તેમાં વધારો કરી સ્મશાનોની જરૂરિયાત મુજબ રૂા.૨ લાખ સુધીની આર્થિક સહાય આપવા અંગે સ્ટેન્ડીગ કમિટીની બેઠકમાં સૂચના આપવામાં આવી હતી.

### હેલ્થ સેન્ટરોમાં વિશેષ ટેસ્ટ રિપોર્ટ માટે સાધનો વસાવાશે

હેલ્થ વિભાગ દ્વારા શહેરમાં ૩ સી.એચ.સી., ૧૪ પી.એચ.સી. તથા અન્ય આરોગ્ય કેન્દ્રો પર રૂટિન તબીબી રીપોર્ટ સાથે રીએજન્ટ થકી થતા વિશેષ થાઈરોઈડ ફંકશન, ઓટોઇમ્યુન, ટ્યુમર માર્કર(કેન્સર માટે), પ્રી-નેટલ સ્ક્રીનીગ, ઈન્ફેકશન ડીસીસ, ગ્લાયકોમેટાબોલીઝમ વિગેરેના ટેસ્ટ રીપોર્ટ થઇ શકે તે માટે જરૂરી મશીનો તથા સાધનો વસાવવા સૂચના અપાઈ છે.

### મોતી તળાવમાં સિપાહી જમાત દ્વારા પ્રજાસતાક પર્વની કરાશે ઉજવણી

ભાવનગર તા. ૨૪

ભાવનગર શહેરની મોતીતળાવ સિપાહી જમાત દ્વારા ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દીનની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે. પ્રજાસતાકદિન ઉજવણી પ્રસંગે મોતીતળાવ સિપાહી જમાતના વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ રાખેલ છે તેમજ નાની માજીરાજ સ્કુલના વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ સાથે રાખેલ છે. મોતીતળાવ સિપાહી જમાતના તમામ સભ્ય સહપરિવાર સાથે ખાસ હાજરી આપવા તેમજ મોતીતળાવ વિસ્તારના આગેવાનો, કાર્યકરો તેમજ વિવિધ શાળાના વિદ્યાર્થીઓ અને વાલીઓને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

# આખરી મતદાર યાદીમાં ભાવનગરમાં નવા નામ માટે ૨૯,૨૯૫ ફોર્મ મળ્યા

## ૩૦ જાન્યુઆરી સુધી દાવાઓ અને વાંધાઓ રજૂ કરી શકાશે



ભાવનગર,તા.૨૪

તા.૧ જાન્યુઆરી, ૨૦૨૬ની લાયકાતની તારીખના આધારે મતદાર યાદીની ખાસ સઘન સુધારણા (SIR) હાથ ધરવામાં આવી છે. જેમાં તા. ૩૦ જાન્યુઆરી સુધી દાવાઓ અને વાંધાઓ રજૂ કરી શકાશે.

તા.૨૨ જાન્યુઆરી સુધીમાં મળેલા ફોર્મ અંગે માહિતી જાહેર કરવામાં આવી છે. જે મુજબ ભાવનગર જિલ્લામાં નામ કમી અને સુધારણા માટે ફોર્મ નં.૭ માટે કુલ ૪૦,૫૫૫ ફોર્મ મળ્યા છે. જ્યારે નવા નામ માટે જિલ્લામાં ૨૯,૨૯૫ ફોર્મ મળ્યા છે.ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR) હાથ ધરવામાં આવી છે.

ગત તા. ૨૭ ઓક્ટોબર ૨૦૨૫થી રાજયભરમાં શરૂ કરવામાં આવેલી SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) ઝુંબેશની ગણતરીના તબક્કાની અસરકારક કામગીરી બાદ ૧૯ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ મુસદ્દા મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી હતી.હવે તા.૩૦ જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં જે મતદારો મતદાર યાદીમાં પોતાના નામ સમાવવા અથવા મતદાર યાદીમાંથી નામ બાકાત થવા સબંધી જે કંઇ વાંધા-દાવા રજૂ કરવા માંગતા હોય તેઓ તે રજૂ કરી શકશે. જેના અનુસંધાને આખરી મતદાર યાદીમાં નામ ઉમેરવા માટે તા.૨૨ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં કુલ ભાવનગરમાંથી ૨૯,૨૯૫ ફોર્મ ૬ અને ૬એ મળ્યા છે.જયારે જે-તે વિધાનસભા મતવિસ્તારમાંથી નામ કમી કરવા માટે ૪૦,૫૫૫ ફોર્મ ૭ મળ્યા છે. ચૂંટણી અધિકારીઓ દ્વારા દાવાઓ અને વાંધાઓની સત્યતા ચકાસી તેના નિકાલની પણ સાથે સાથે કામગીરી હાથ ધરવામાં આવશે.

# મનપા દ્વારા 'પી.એમ. સ્વનિધિ ક્રેડિટ કાર્ડ' યોજનાનું લોન્ચિંગ

## મોતીબાગ ટાઉન હોલ ખાતે મેયરના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો, શેરી ફેરિયાઓને આર્થિક રીતે સશક્ત બનાવવાનો નિર્ધાર




ભાવનગર,તા.૨૪

શહેરના મોતીબાગ ટાઉનહોલ ખાતે આજરોજ મહાનગરપાલિકા દ્વારા 'પી.એમ. સ્વનિધિ ક્રેડિટ કાર્ડ' યોજનાના લોન્ચિંગનો કાર્યક્રમ મેયર ભરત બારડના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

પી.એમ.સ્વનિધિ ક્રેડિટ કાર્ડ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરી વિસ્તારના ફૂટપાથ વેપારીઓ અને શેરી ફેરિયાઓને સરળતાથી સંસ્થાગત ક્રેડિટ ઉપલબ્ધ કરાવવાનો છે. આ યોજનાના ફાયદાઓમાં કોઈપણ ગેરંટી વગર વર્કિંગ કેપિટલ લોન મેળવી શકાશે, આર્થિક સહાય દ્વારા નાના વેપારીઓ પોતાનો ધંધો મોટો કરી શકશે, ડિજિટલ ટ્રાન્જેક્શન કરનાર વેપારીઓને વિશેષ પ્રોત્સાહન અને કેશબેક જેવી સુવિધાઓ, વ્યાજખોરોના ચુંગાલમાંથી મુક્તિ અપાવી વેપારીઓને આત્મનિર્ભર બનાવશે.કાર્યક્રમ દરમિયાન હાજર રહેલા શેરી ફેરિયાઓને ક્રેડિટ કાર્ડની સુવિધાઓ અને તેના ઉપયોગ વિશે વિગતવાર માહિતગાર કરવામાં આવ્યા હતા. મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને ક્રેડિટ કાર્ડનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. વક્તાઓએ જણાવ્યું હતું કે, આ યોજના નાના વેપારીઓના જીવનમાં આર્થિક પરિવર્તન લાવવા માટે એક મહત્ત્વનું કદમ સાબિત થશે.આ પ્રસંગે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજુભાઈ રાબડિયા, ડેપ્યુટી મેયર મોનાબેન પારેખ, ચેરપર્સન ભાવનાબેન ત્રિવેદી, શાસક પક્ષના નેતા કિશોરભાઈ ગુરુમુખણી અને દંડક ઉષાબેન બધેકા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત હેલ્થ કમિટી અને બાંધકામ કમિટીના ચેરપર્સન, મહાનગરપાલિકાના આસિસ્ટન્ટ કમિશનર સહિતના અધિકારીગણ અને અન્ય મહાનુભાવોએ હાજરી આપી હતી.

# એસ.ટી.ને અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર દોડાવવા મંજૂરી મંગાઈ

ભાવનગર,તા.૨૪

ભાવનગરથી અમદાવાદ વચ્ચેનું અંતર ૩૦ કિલોમીટર ઘટી જતા હાલમાં નાના-મોટા વાહનોનો ટ્રાફિક નવનિર્મિત અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર વધી રહયો છે ત્યારે અમદાવાદ-ભાવનગર વચ્ચે દોડતી ભાવનગર એસ.ટી. ડિવિઝનની એસ.ટી. બસોને અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર દોડાવવા કવાયત હાથ ધરવામાં આવી છે. આ મટે સત્તાવાર મંજૂરી મંગાઈ હોવાનું જાણવા મળ્યું છે.

એક્સપ્રેસ હાઈવેની અંતિમ તબક્કામાં ચાલતી કામગીરી વચ્ચે ગત ૧૨મી ડિસેમ્બર-૨૦૨૫ના ભાવનગર એસ.ટી. ડેપોની બસને થયેલા અકસ્માત બાદ એક્સપ્રેસ હાઈવે પરથી ચલાવવા પર એસ.ટી. બસોને રોક લગાવવામાં આવી હતી. હાલમાં ભાવનગર-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે સંપૂર્ણ સુવિધા સાથે કાર્યરત બનતા નાના-મોટા વાહનો ઉપરાંત ખાનગી બસો પણ દોડવા લાગી છે.જેથી ભાવનગર એસ.ટી. ડિવિઝનના વિભાગીય નિયામકે ભાવનગર એસ.ટી. ડિવિઝનની બસોના એક્સપ્રેસ હાઈવે પરથી સંચાલન કરવા બાબતે અમદાવાદ એસ.ટી. ડિવિઝન નિયામક અને પોલીસ વિભાગને પત્ર લખી મંજૂરી માંગી છે.નવા એક્સપ્રેસ હાઈવેના નિર્માણથી ભાવનગર-અમદાવાદ વચ્ચે ૧૪૦ કિ.મી.નું અંતર માત્ર બે થી અઢી કલાકના સમયમાં કાપી શકાશે. એક્સપ્રેસ હાઈવેના નિર્માણથી ભાવનગર-અમદાવાદ વચ્ચેની અંતર ૩૦ કિ.મી. જેટલું ઘટી જતા લોકો વહેલાસર અમદાવાદ પહોંચી રહ્યા છે.

# સ્વામિનારાયણ ગુરુકુળ સરદારનગરમાં વસંત પંચમીની વિશિષ્ઠ ઉજવણી



ભાવનગરના સ્વામિનારાયણ ગુરુકુલ, સરદારનગરના સ્પેશ્યલ વિભાગ દ્વારા વસંત પંચમીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાની દેવી મા સરસ્વતીના પ્રાગટ્ય પર્વ અને શિક્ષાપત્રીના ૨૦૦મા જયંતિ વર્ષના ઉપલક્ષમાં આ કાર્યક્રમનું આયોજન થયું હતું.કાર્યક્રમની શરૂઆત મા સરસ્વતીની આરાધનાથી કરવામાં આવી હતી, જેમાં ગુરુકુલના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ ઉજવણીની મુખ્ય વિશેષતા શિક્ષાપત્રી પૂજન હતી. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા શ્લોક પઠન સાથે ભગવાન સ્વામિનારાયણ દ્વારા લિખિત અમૂલ્ય ગ્રંથ શિક્ષાપત્રીનું વિધિવત પૂજન કરવામાં આવ્યું હતું. બે વિદ્યાર્થીઓએ શિક્ષાપત્રીનું મહત્વ પણ સમજાવ્યું હતું.સાંસ્કૃતિક કૃતિઓમાં મા સરસ્વતીની વંદના અને નૃત્ય રજૂ કરવામાં આવ્યા હતા, જેણે વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું.આચાર્ય મહેન્દ્રભાઈ પટેલે વસંત પંચમીનું મહત્વ અને વિદ્યાર્થી જીવનમાં વિદ્યાનું મૂલ્ય સમજાવતું પ્રેરક ઉદબોધન આપ્યું હતું અને સૌને શુભેચ્છા પાઠવી હતી. શાળાના સંચાલક પૂજ્ય કે. પી. સ્વામીએ પણ આ પ્રસંગે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.આ સમગ્ર પ્રસંગે ગુરુકુલનું વાતાવરણ ભક્તિ અને વિદ્યામય બની ગયું હતું.

# દેશી દારૂ બનાવવાનો ૨૬૦૦ લીટર આથો ઝડપી નાશ કરાયો

ભાવનગર,તા.૨૪

ભાવનગર એલસીબી પોલીસે તળાજા તાલુકાના જુદા જુદા વિસ્તારોમાં દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહીમાં મોટા પ્રમાણમાં દેશી દારૂ બનાવવાનો આથો ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે બે વ્યક્તિઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસે બાતમીના આધારે, જૂની કામરોલ ગામની સીમ વિસ્તારમાં ખોડુભા સજુભા સરવૈયા નામના વ્યક્તિની વાડીમાં દરોડો પાડવામાં આવ્યો હતો. અહીંથી દેશી દારૂ બનાવવા માટે રાખવામાં આવેલો મોટા પ્રમાણમાં આથો મળી આવ્યો હતો. પોલીસે તેમની વિરુદ્ધ પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.આ ઉપરાંત, અન્ય એક સ્થળે પણ પોલીસે દરોડો પાડ્યો હતો. આ સ્થળેથી પણ દેશી દારૂ બનાવવા માટે રાખવામાં આવેલો આશરે ૨૬૦૦ લિટર આથો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પર જ આ આથાનો નાશ કરી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# ભડભીડ ટોલ પ્લાઝા ખાતે રક્તદાન શિબિર યોજાઈ




નેશનલ હાઈવે ઓથોરિટીની પ્રેરણા માર્ગદર્શનમાં KECL દ્વારા ભડભીડ ટોલ પ્લાઝા ખાતે એક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ, જેમાં ૨૮ જેટલી બોટલ રક્ત એકત્રિત કરવામાં આવેલ. ટોલ પ્લાઝા ખાતે રક્તદાનનો દાખલો બેસાડીને આયોજકોએ ઉત્તમ કામગીરી કરેલ. નેશનલ હાઈવે ઓથોરિટી તેમજ KECL ના સ્ટાફ સહિતના રક્તદાતાઓ પણ ઉત્સાહ પૂર્વક રક્તદાન કરી રહ્યા હતાં. આ તકે આરટીઓ અધિકારી મકવાણાએ પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે લોકોએ રચનાત્મક સહકાર આપ્યો હતો ત્યારે આયોજકોએ ભાવનગર રેડક્રોસ સોસાયટીનો પણ આભાર માન્યો હતો.

## સનાતન અપૌરુષેય ગ્રંથોમાં છેડછાડ કરી તથાકથિત શ્લોકો ઘુસાડવાની ચેષ્ટા સામે સાવધાન

# મોરારિબાપુએ સંકુચિત પંથ, વાડા અને સંપ્રદાય દ્વારા શાસ્ત્ર કથામાં થતી છેડછાડ અંગે રોષ વ્યક્ત કર્યો

## રાજધાની દિલ્લીમાં રામકથા 'માનસ સનાતન ધર્મ' ગાન કરતાં મોરારિબાપુ


તસવીર : મુકેશ પંડીત

ભાવનગર,તા.૨૪

રાજધાની દિલ્હીમાં લોકેશ મુનિ સનાતનીના નેતૃત્વ સાથે રામકથા 'માનસ સનાતન ધર્મ' ગાન કરતાં મોરારિબાપુએ સનાતન અપૌરુષેય ગ્રંથોમાં છેડછાડ કરી તથાકથિત શ્લોકો ઘુસાડવાની ચેષ્ટા સામે સાવધાન રહેવા ભાર મૂક્યો. વિશ્વ શાંતિ કેન્દ્રના વડા આચાર્ય લોકેશ મુનિજી સનાતનીના નેતૃત્વ સાથે રાષ્ટ્રની રાજધાની દિલ્હીમાં વૈશ્વિક સનાતન સંદેશ હેતુ મોરારિબાપુના વ્યાસાસને રામકથા લાભ મળી રહ્યો છે, જેમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ સાથે સનાતન સંકલ્પ નાદ થઈ રહ્યો છે.

રામકથા 'માનસ સનાતન ધર્મ' ગાન કરતાં વ્યાસપીઠ પરથી મોરારિબાપુએ સંકુચિત પંથ, વાડા અને સંપ્રદાય દ્વારા શાસ્ત્ર કથામાં થતી છેડછાડ અંગે રોષ વ્યક્ત કર્યો, જે સનાતન માટે હાનિકારક છે. તેઓએ સનાતન અપૌરુષેય ગ્રંથોમાં છેડછાડ કરી તથાકથિત શ્લોકો ઘુસાડવાની ચેષ્ટા સામે સાવધાન રહેવા ભાર મૂક્યો અને આ રામકથા સંજોગો સાથે રાષ્ટ્રની રાજધાનીમાં યોજાયાં અંગે હેતુ પણ જણાવ્યો.

સનાતન નાદ સાથેની આ કથામાં ગ્રંથ દ્વારા સમાજમાં ગ્રંથીઓ કરાવનાર પ્રત્યે હળવો રોષ જણાવી સનાતન ગ્રંથ એટલે વેદ ગણાવી, કેટલાંક કહેવાતા ધાર્મિકો દ્વારા શાસ્ત્ર કથામાં પાઠ ભેદ કરાઈ રહ્યાનો વસવસો વ્યક્ત કર્યો. તેઓએ સનાતન ઈશ્વરીય ગ્રંથ વેદ આધારિત પાંચ સેવા માટે યુવાનોને અનુરોધ કર્યો, જેમાં દેહ સેવા, દેવ સેવા, દેશ સેવા, દિલ સેવા અને ગુરુ આદેશ સેવા માટે સંકલ્પ લેવા જણાવાયું. જે ગ્રંથમાં આદિ જ્ઞાન હોય, ઈષ્ટ તર્ક બુધ્ધિ વડે સ્વીકાર, ભેદ ન હોય, ઈતિહાસ નહી પણ તત્ત્વ હોય અને ભક્તિ કર્મ જે જ્ઞાન મૂક્ત એટલે વૈરાગ્ય તરફ હોય તે ગ્રંથ સનાતન હોય તેમ સમજાવ્યું અને ઈષ્ટ સ્મરણ માટે યુવાનોને ખાસ ભાર મૂક્યો.

વસંત પંચમી પર્વે સૌને શુભકામના પાઠવતાં કહ્યું કે, ધનવાન માટે દિવાળી ઉપર પૂજાનું મહત્વ અને જ્ઞાનવાન માટે વસંત પંચમીની પૂજાનું મહાત્મ્ય હોવાનું જણાવ્યું. મોરારિબાપુએ રામકથામાં શિવ પાર્વતી સંવાદ અંતર્ગત ચરિત્ર ગાન કરતાં કહ્યું કે, શ્રધ્ધા વિશ્વાસ મેળ થાય તો રામ અવતાર થાય. રામ અવતાર હેતુ સાથે રાવણ ચરિત્ર ટૂંક વર્ણન સાથે રામ જન્મ પ્રસંગ નિરૂપણ કરાયું અને અયોધ્યા રામ જન્મભૂમિ મંદિર નિર્માણનો રાજીપો પણ જણાવ્યો.આચાર્ય લોકેશ મુનિજી સનાતનીએ વસંત પંચમી ઉલ્લેખ સાથે પ્રાચીન અને આધુનિક વિજ્ઞાનની વાત કરી વ્યાસપીઠ દ્વારા સમાજ જાગૃતિનો ઉલ્લેખ કર્યો અને અંતર દૃષ્ટિના સાક્ષાત્કાર વડે હજારો વર્ષ પહેલા ભારતીય પંચાંગોના થયેલાં નિર્માણ સર્જનની વાત કરી. જૈન પરંપરા અને સનાતન સંદર્ભે પણ ઉલ્લેખ કર્યો.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)